Extra No. 218

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII ] MONDAY, AUGUST 14, 2017/SRAVANA 23, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **શિક્ષણ વિભાગ** ના **તારીખ : ૧૭મી જૂન, ૨૦૧૭** ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએચ/એસએચ/૪૬/બીએમએસ/૧૧૭૮/૮૩/છ** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

**કે. એમ. લાલા,**
સરકારના સચિવ.



Scanned by CamScanner

# Notification

*Regarding*

**Amendment to the Gujarat Self Financed Schools (Regulation of Fees) Rules, 2017.**

**ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો, ૨૦૧૭ સુધારવા સંબંધી જાહેરનામું.**

**શિક્ષણ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી જૂન, ૨૦૧૭.

**ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭.**

**ક્રમાંક: જીએચ/એસએચ/૪૬/બીએમએસ/૧૧૧૭/૮૩/છ**:- ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૦મા)ની કલમ ૨૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો, ૨૦૧૭ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) (સુધારા) નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો, ૨૦૧૭ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૭માં, પેટા-નિયમ (૪)માં "નમૂના ૩માં" એ શબ્દો અને આંકડાને બદલે "સમિતિના" એ શબ્દો મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૮માં, પેટા-નિયમ (૧)માં, ખંડ (૨)માં, "સન ૨૦૧૭-૧૮ના શૈક્ષણિક વર્ષ માટે" એ શબ્દો પછી, "ઉઘરાવેલી / ઉઘરાવવાની ફી પણ" એ શબ્દો દાખલ કરવા.

૪. સદરહુ નિયમોમાં,

(૧) નમૂના ૨માં,-

(૧) "નમૂનો ૨" શીર્ષક હેઠળ, કૌંસમાં, "નિયમ ૬ (૧)" એ શબ્દ, આંકડા અને કૌંસને બદલે, "નિયમ ૬ (૧)/૮" એ શબ્દ, આંકડા અને કૌંસ મૂકવા;

(૨) એનેક્ષર-૧માં, "બાંયધરી" શીર્ષક હેઠળ, કૌંસમાં, "નિયમ ૬" એ શબ્દ અને આંકડાને બદલે, "નિયમ ૬/૮" એ શબ્દ અને આંકડા મૂકવા;

(૩) એનેક્ષર-૨માં, ભાગ-૪માં, પેરા ૬માં,-

(ક) વિદ્યમાન શીર્ષકને બદલે, નીચેનું શીર્ષક મૂકવું:-

**"આવકની વિગતો: નાણાકીય વર્ષ સન:....................થી....................**

(નીચે છેલ્લા ત્રણ નાણાકીય વર્ષોની આવકની વિગતો અલગ પત્રકોમાં જણાવવી. તે ઉપરાંત, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના પ્રમાણપત્ર સાથે દરખાસ્તના વર્ષની ૧લી એપ્રિલથી ૩૧મી ઓગસ્ટ સુધીની આવકની વિગતો આપવી જોઇશે).";

(ખ) કોષ્ટકની નીચે, નીચેની નોંધ ઉમેરવી:-

"**નોંધ.**– શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટે, નિયમ ૮ના પેટા-નિયમ (૧) ના ખંડ (૧)થી ફરમાવ્યા પ્રમાણે, હિસાબો અને પ્રમાણપત્ર પૂરા પાડવા.";

(૪) પેરા ૭માં,-

(ક) **"પગાર અને ભથ્થાની વિગતો"** શીર્ષક હેઠળ, "શૈક્ષણિક વર્ષ" એ શબ્દોને બદલે, "નાણાકીય વર્ષ" એ શબ્દો મૂકવા;

Scanned by CamScanner

(ખ) સૂચના **ગ**–માં, "(છેલ્લા બે શૈક્ષણિક વર્ષના અલગ પત્રકો જોડવા)" એ કૌંસ અને શબ્દોને બદલે, "(છેલ્લા ત્રણ નાણાકીય વર્ષના અલગ પત્રકો જોડવા)" એ કૌંસ અને શબ્દો મૂકવા;

(ગ) સૂચના **ઘ**–માં,

(૧) "શૈક્ષણિક વર્ષ" એ શબ્દોને બદલે, "નાણાકીય વર્ષ" એ શબ્દો મૂકવા;

(૨) "(છેલ્લા બે શૈક્ષણિક વર્ષના અલગ પત્રકો જોડવા)" એ કૌંસ અને શબ્દોને બદલે, "(છેલ્લા ત્રણ નાણાકીય વર્ષના અલગ પત્રકો જોડવા)" એ કૌંસ અને શબ્દો મૂકવા;

(૨) નમૂનો ૩ કમી કરવો;

(૩) નમૂના ૪માં, કોષ્ટકમાં, કોલમ (૭)માં, **"ઉઘરાવેલ ફી"** એ શબ્દોને બદલે **"ઉઘરાવેલ / ઉઘરાવવાની ફી"** એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**અજય ભટ્ટ,**

સરકારના નાયબ સચિવ.

---------

Scanned by CamScanner